સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

**૧૦ માર્ચ - ૨૦૨૩**
તંત્રી : **મધુસૂદન દેસાઇ**
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૧ - અંક - 03

# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

**સભ્ય ફી :** ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-



# શ્રી બૃહદ અનાવિલ સમાજ નવસારી દ્વારા તેજસ્વિતા અભિવાદન સમારોહ







રવિવાર તા.૧૫ જાન્યુ.૨૦૨૩ના રોજ રામજી મંદિર હોલ નવસારી ખાતે શૈક્ષણિક સિદ્ધિ મેળવનારાઓને પ્રમાણપત્ર અને સિલ્વર મેડલ આપી અભિવાદન કરવામાં આવ્યું.

વિશેષ સિદ્ધિ પ્રાપ્ત ત્રણ કરનાર અનાવિલો

**પ્રોફેશન અને સોશ્યલ વેલફેર**

– શ્રી CA આનંદભાઈ વશી–ધમડાછા–મુંબઈ,

**કૃષિ અને સહકાર ક્ષેત્રે**

– શ્રી સતીષચંદ્ર નાયક–કછોલી

**અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે**

– શ્રી નિલેશભાઈ દેસાઈ – ISRO અમદાવાદને

અનાવિલ રત્ન સન્માન અર્પણ કરવામાં આવ્યું.

# <u>હાર્દિક આમંત્રણ</u>

## શ્રી અનાવિલ સમાજ, મુંબઇ

૨૧૫, મગન મહલ, ૧ લે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૬૯. ઈંડિયા
**ફોન** : +૯૧–૨૨–૩૫૪૧ ૮૬૮૧, મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
**ઈમેઈલ** : jaianavilpub@yahoo.com • **વેબસાઈટ** : www.anavilsamaj.org

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે સમાજની મુંબઈના પરા કાંદીવલી પૂર્વ ખાતે એક મકાન (વિક્રમ કો. હા.સો. ) માં આપણી જે જગ્યા ચે અને બાકીની જગ્યાને ખરીદવાનું અને રીડેવલપમેન્ટ કરવા માટે આપણને રૂપીયા ૭ કરોડ ફંડની જરૂરીયાત છે.. તો આપણા સૌનું અનાવિલ ભવન નું સપનું સાકાર થાય, એ હેતુ માટે વાર્ષિક સ્નેહ સંમેલન કાર્યક્રમનું આયોજન

## હાર્દિક આમંત્રણ

**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

**રવિવાર, તા.૨૩.૦૪.૨૩**

**રોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૩૦ કલાક સુધી**

**મુકેશ પટેલ ઓડિટરીયમ**

**એન.એમ.કોલેજ–મીઠીબાઈ કોલેજની સામે, વિલેપાર્લા, મુંબઈ મુકામે,**

**એક સંગીત કાર્યક્રમ**

**યોજી ડોનેશન પાસ દ્વારા ફંડ ભેગુ કરવાનું નિર્ધારીત કર્યું છે, તો તન–મન–ધન થી સહકાર આપી સમાજની પ્રગતિમાં સહયોગ આપશો.**

**– પ્રમુખ શ્રી : કિરણભાઈ દેસાઈ, મો. ૯૮૨૦૧ ૦૬૧૪૫**

**કાર્યક્રમની વધુ વિગત આવતા અંકમાં**

# નમ્ર નિવેદન

## શ્રી અનાવિલ સમાજ, મુંબઇ


**૨૧૫, મગન મહલ, ૧ લે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૬૯. ઈંડિયા**

**ફોન : +૯૧–૨૨–૩૫૪૧ ૮૬૮૧, મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮**

**ઈમેઈલ** : jaianavilpub@yahoo.com • **વેબસાઈટ** : www.anavilsamaj.org


આપ સૌને જણાવતા આનંદ થાય છે કે મુંબઈના પરા કાંદીવલી પૂર્વ ખાતે સમાજ એક મકાન (વિક્રમ કો. હા.સો. ) ખરીદવાની તજવીજ ઘણા વર્ષોથી ચાલુ છે અને તે મકાનને રીડેવલપ કરી ત્યાં આઠ નવ માળનું સમાજે પોતાનું બિલ્ડિંગ બાંધવાનું નિર્ધારીત કર્યું છે..

આ ભવન માટે સમાજે અત્યાર સુધી ફંડ ભેગુ કરીને ૨૫ ટકા જગ્યા લીધી છે અને હવે બીજા ૭૫ ટકા જગ્યા માટે લગભગ ૭ કરોડ રૂપિયા ભેગા કરીએ તો આપણા સૌનું આ સપનું સાકાર થઈ જાય.

આ ભવનમાં વિવિધ સગવડ જેવી કે...

બહારગામથી મુંબઈમાં સારવાર માટે આવતા દર્દી અને તેમના સગાઓને રહેવાની સગવડ...

મુંબઈમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને હોસ્ટેલની સગવડ...

મુંબઈમાં કામકાજ માટે આવેલા લોકોને રહેવાની સગવડ...

સિનિયર સિટીઝન માટે ક્લબ...

પરદેશ આવતા જતા અનાવિલો માટે આરામ ગૃહ...

સર્વે જ્ઞાતિજનો માટે લાઈબ્રેરી, ભવનમાં રહેતા લોકો માટે ભોજનાલય, ઈન્ડોર ગેમ્સ તથા મહિલાઓ માટે ભજન કીર્તિન તથા અન્ય ઇત્તર પ્રવૃત્તિઓ વગેરે ની સુવીધાઓ આપવાનું વિચારણા હેઠળ છે...

તો આ સાથે આપ સૌને જ્ઞાતિના સામાજિક કલ્યાણકારી યોજનાઓમાં ભાગીદાર બની તન મન ધનથી સાથ સહકાર આપવા વિનંતી છે.

આપણામાં કહેવાય છે ટીપે ટીપે સરોવર ભરાય તેમ આપ સૌને વિનંતી કે જે કંઈ પોસિબલ હોય તે રીતે સમાજને મદદરૂપ થઈએ. જેમ બને તેમ જલ્દીથી દાન આપવા વિનંતી, કારણ કે આપણી પાસે સમય ઓછો છે, નહીં તો તક ગુમાવવી પડશે.

**– પ્રમુખ શ્રી : કિરણભાઈ દેસાઈ, મો. ૯૮૨૦૧ ૦૬૧૪૫**

## તમારી તમામ નાણાંકીય જરૂરીયાતોનો
## માત્ર એક છત્ર હેઠળ ઉપાય છેલ્લા ૩૫ વર્ષથી...







રિટાયરમેન્ટ પ્લાનિંગ | એસઆઈપી પ્લાનિંગ

પોર્ટફોલિયો સંચાલન સેવા | ઇક્વિટી એસઆઈપી

માસિકઆવકનું આયોજન | આઈ પી ઓ | ધ્યાન આધારીત નાણાંકીય આયોજન

# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

**મુંબઈ** : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વે), મુંબઈ–૫૬. નેવીલ ડી. દેસાઈ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

**નવસારી** : જી–૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી–૩૯૬૪૪૫ દેવાંગ દેસાઈ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

**સુરત** : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઈ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

**E-mail : difcoinv@gmail.com**

# અનાવિલ સંસ્કાર ટ્રસ્ટના રજતોત્સવનો પદ્મવિભૂષણ અનિલભાઈ નાયકે પ્રારંભ કરાવ્યો

## જે કંઈ કરો તેનાથી સમાજને ફાયદો થવો જોઈએ



નવસારીની અનાવિલ સંસ્કાર ટ્રસ્ટની સ્થાપનાના ૨૫ વર્ષને ઉજવવા 'સંસ્કૃતિ ૨૦૨૩' અસ્તિત્વના ૨૫ વર્ષના રજતોત્સવનો શુક્રવારે સ્વપ્નલોક સોસાયટીમાં અતિથિવિશેષ પદ્મવિભૂષણ અનિલભાઈ નાયકે આરંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમના સમારંભમાં ગોવર્ધન ઈકો વિલેજ મનોરના સનતકુમાર દાસ, બાબુભાઈ રામા, નીરજ ચોકસી, માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. સમારંભના અતિથિ પદ્મવિભૂષણ અનિલ નાયકનું સ્વાગત-સન્માન પ્રમુખ જીજ્ઞેશ દેસાઈએ કર્યું હતું. ગીતાબેન નાયકનું સન્માન સંસ્થાના ગીતાબેન નાયકે અને સનતકુમાર દાસનું સન્માન મંત્રી હાર્દિક નાયકે કર્યું હતું. અનાવિલ સંસ્કાર ટ્રસ્ટના નીરજભાઈ ચોકસી, સંજય પટેલ, માલવ ધ્રુવ, ગીરીશભાઈ દેસાઈષ હેમંતભાઈ દેસાઈનું સંસ્થાના પ્રતિનિધિઓએ સન્માન કર્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ જીજ્ઞેશભાઈ દેસાઈએ કહ્યું કે અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ સ્થાપનાના ૨૫ વર્ષ પૂણ કર્યાં તેની ઉજવણી થવી જોઈએ. સંસ્થાના સ્થાપકો સ્વ. નટુભાઈ દેસાઈ અને સ્વ. મહાદેવભાઈ દેસાઈએ સમાજને મહિલા ગૃહઉદ્યોગ થકી સ્થાપના કરી હતી. અનિલભાઈએ સમાજની ચિંતા કરી તે વખતે રૂ. ૧ લાખનું દાન આપ્યું હતું. દાનની શુદ્ધતાથી મળેલા તેનાથી આ સંસ્થાનું પોષણ થયું છે. મંત્રી હાર્દિક નાયકે ટ્રસ્ટની સ્થાપના કાળથી વિકાસની ગાથા વર્ણવી હતી.

સ્થાપકોને સ્મરીને સ્મૃતિ વાગોળી હતી. સંસ્થાના ઉપપ્રમુખ રવિન દેસાઈએ અતિથિવિશેષ પદ્મવિભૂષણ અનિલભાઈ નાયકના વિશે માહિતી આપી હતી. સમારંભના અતિથિવિશેષ પદ્મવિભૂષણ અનિલભાઈ નાયકે જણાવ્યું કે એમના પિતા ૩૮ કલાસ લેતા. બ્રાઈટ સ્ટુડન્ટને ખાસ કોચિંગ આપતા. ગ્રાન્ડ ફાધરને ૧૨૫ વર્ષના એમને સરકારે પુરસ્કાર આપ્યો હતો. ગુરુકુળમાં પ્રિન્સિપાલ બન્યા હતા અને પગે ચાલીને ગુરુકુળની એધલ જતા આવતા. તેમનો તમારી પાસે પૈસા નહીં હોય તો પમ ગરીબોને મદદ કરવી એવો મેસેજ હતો. જે કામ હાથ પર લે તેનું કામ કરે તેવા માણસો મળવા જોઈએ. તેમના નિ:સ્વાર્થ કામ

કરવાની પ્રેરણા પિતાજી પાસે મળી હતી. નવસારીની ૪૦ સ્કૂલ દત્તક લીધી છે. આ ઉપરાંત ખારેલમાં કેરિયર બિલ્ડિંગ, નિરાલી હોસ્પિટલ બનાવી છે.

**દરેક ક્ષેત્રમાં અનાવિલ સમાજ આગળ**

અનિલભાઈ નાયકે દેશ–દુનિયામાં નામ રોશન કર્યું છે. પરંતુ વતનને ભૂલ્યા નથી. નવસારીને અલગ પ્રકારની ઓળખ આપી છે એવા અનિલભાઈ નાયક સન્માનના અધિકારી છે. અનાવિલ સમાજ દરેક ક્ષેત્રમાં આગળ છે. કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ રવિન દેસાઈએ કર્યું હતું.

– સી. આર. પાટીલ, સાંસદ

## વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર
## સભાસદ જોગ

શ્રી અનાવિલ સેવા મંડળ (ગોરેગામ થી વિરાર) ની વાર્ષિક સામાન્ય સભા, રવિવાર, તા.૧૯–૦૩–૨૦૨૩ના રોજ મંડળના કાર્યાલય (બોરીવલી–પૂર્વ) ખાતે સાંજે ૪.૦૦ કલાકે મળશે. જેમાં ગત વાર્ષિક સભાની મિનીટ્સનું વાંચન, વાર્ષિક અન્વેષિત થયેલ હિસાબો, સરવૈયુ અને સંયુક્ત વાર્ષિક અહેવાલ, ઓડિટર ની નિમણુક તથા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત, મંડળના સભ્ય ફીમાં ફેરફાર, પ્રમુખશ્રી તથા કાર્યવાહક સમિતીની ચૂંટણી વગેરે કામકાજ હાથ ધરવામાં આવશે.

કોરમના અભાવે મુલતવી રહેલા સભા તેજ સ્થળે કામકાજ અંગે અડધા કલાક બાદ ફરી મળશે અને તે સભા માં કોરમની જરૂરત રહેશે નહીં અને તે સભા કાયદેસરની ગણાશે. તા.૩૧.૦૩.૨૦૨૧ સુધીમાં નોંધાયેલ સભ્યોજ આ સભામાં હાજર રહી શકશે. સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી. મહામંત્રી : હિરૂભાઈ બી. દેસાઈ, મો. : ૯૮૬૯૦૭૨૩૮૧

## અવસાન



| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| મોગરાવાડી/વલસાડ | સ્વ. નીલેશભાઈ મગનલાલ દેસાઈ | ૧૧–૧૨–૨૨ |
| ઉટડી/વલસાડ | સ્વ. ભારતીબેન મહાદેવભાઈ દેસાઈ | ૦૪–૦૧–૨૩ |
| સુરત | સ્વ. ધવલ મધુસૂદન દેસાઈ | ૫–૨–૨૩ |
| સુરત | સ્વ. કુસુમબેન ઘેલાભાઈ દેસાઈ | ૭–૨–૨૩ |
| સુરત | સ્વ. ઈશ્વરભાઈ ભીમભાઈ દેસાઈ | ૧૧–૨–૨૩ |
| બોરીવલી/પંડોર | સ્વ.ઉત્તમભાઈ ઉર્ફે છનુભાઈ નાગરજી દેસાઈ | ૧૪–૨–૨૩ |
| સુરત | સ્વ. બીપીનભાઈ ભીમભાઈ દેસાઈ (એડવોકેટ) | ૧૫–૨–૨૩ |
| કાંદીવલી/ખરસાડ | સ્વ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ | ૧૭–૨–૨૩ |

## I...am...Proud...Of... My... Husband...

## પુરુષ : સાત રંગોનું મેઘધનુષ


# પુરુષ: સાત રંગોનું મેઘધનુષ


લેખિકા: એશા દાદાવાલા

**અવશ્ય વાંચજો, બહુ જ સમજવા જેવું છે**

એક સ્ત્રી માટે પુરુષ શું હોઈ શકે ?

તમારા નામની પાછળ લખાતું દીવાલ જેવું અડીખમ નામ ? હાથમાં દર મહિને આવી જતી ઘરખર્ચની રકમ ? તમારાં સંતાનોનો પિતા ? સમય કરતાં વહેલા ભરાઈ જતા લોનના હપ્તા ? સોલિટેરની ગિફ્ટ ? લાઈફ ઈન્શ્યોરન્સ, મેડિક્લેઈમનાં પ્રીમિયમ્સ વચ્ચે વહેંચાઈ જતો, તમારા નામે રોકાણ કરતો અને તમને સલામતી આપવા લોહી–પાણી એક કરીને પોતે કમાયેલું ઘર તમારા નામે કરી દેતો એક મર્દ ?

પુરુષ શું છે ?

પિતા ? પ્રેમી ? પતિ ? કે દોસ્ત ?

પુરુષ એક મેઘધનુષ છે. એની પાસે સાત રંગ છે અને એ સાતેય રંગ દ્વારા એ તમારા જીવનમાં ઢગલાબંધ રંગ ઠાલવતો રહે છે.

પુરુષના આ સાત રંગ છે : સલામતી, સ્વીકૃતિ, સંવેદના, સહકાર, સમર્પણ, સંગાથ અને સંવાદ.

પુરુષ એ સલામતી છે. અડધી રાત્રે તમને ઘરે મૂકવા આવે એ પુરુષ નથી, પણ જેના સાથે હોવા માત્રથી તમારા દરેક ડર પૂંછડી દબાવીને ભાગી જાય એ પુરુષ છે. આર્થિક રીતે સ્વતંત્ર સ્ત્રી પોતાની માલિકીના ઘરમાં સલામતી મહેસૂસ કરતી નથી, પણ ગમતા પુરુષની છાતી વચ્ચે એ પોતાની જાતને સૌથી વધારે સલામત મહેસૂસ કરતી હોય છે. સ્ત્રી આખી જિંદગી સલામતી ઝંખતી રહે છે અને પુરુષ લાગણીઓથી લઈને લગ્ન સુધીની બધી જ સલામતી એને આપતો રહે છે. પોતે ખરીદેલું ઘર કે ઓફિસ સ્ત્રીના નામે કરી દેતી વખતે એને ક્યારે પણ એવો વિચાર આવતો નથી કે એ દગો દઈને જતી રહેશે તો ? એ સલામત થવામાં નહીં, પણ સલામતી આપવામાં માનતો હોય છે.

પુરુષનો બીજો રંગ છે સ્વીકાર. સ્ત્રી જેટલી સરળતાથી સ્વીકાર કરી શકે છે એના કરતાં પણ પુરુષો માટે કોઈ પણ વાત કે

પરિસ્થિતિનો સ્વીકાર વધારે સહેલો હોય છે. પત્ની પતિની નાની-નાની વાતને ગાઈ-વગાડીને મોટી કરી શકે છે, પણ પત્નીની નહીં ગમતી વાતોને એ પોતાની છાતીમાંથી ક્યારેય બહાર નીકળવા દેતો નથી. કશું પણ બદલી નાખવાના વિચારોને અમલમાં મૂકવા કરતાં એને સ્વીકારી લેવાનો રસ્તો એને હંમેશાં સહેલો લાગે છે.

પુરુષનો ત્રીજો રંગ છે સહકાર. આ એનો સૌથી મોટો ગુણ છે. એક સ્ત્રી બીજી સ્ત્રીને સહકાર આપવાની વાત આવે ત્યારે પીછેહઠ કરી લેતી હોય છે. પુરુષ આવું કરતો નથી. બીજા પુરુષને મદદ કરવાની વાત આવે ત્યારે એ પાછળ હટી જતો નથી. એ સહકારમાં માને છે.

પુરુષનો ચોથો રંગ છે સંવેદના. એની પાસે પણ ભરપૂર સંવેદનાઓ હોય છે. સવાલ એટલો જ છે કે એ રડીને, કકળાટ કરીને, ટોન્ટ મારીને એને વ્યક્ત કરતો નથી. દીવાલ પર વીંટળાયેલી વેલની માફક આ સંવેદનાઓ આખી જિંદગી એની છાતી સાથે વીંટળાયેલી રહે છે અને કોઈની પણ જાણ બહાર પુરુષ એને લીલીછમ રાખવાના પ્રયત્નો કરતો રહે છે.

પુરુષનો પાચંમો રંગ છે સમર્પણ. આપણે એવું માનતા આવ્યા છીએ કે સ્ત્રી સૌથી વધારે સમર્પિત હોય છે. આ વાત સાચી છે, પણ એનો અર્થ એવો નથી કે પુરુષો સમર્પિત હોતા નથી. સ્ત્રીનાં કમિટમેન્ટ કરતાં પુરુષનું કમિટમેન્ટ વધારે પાક્કું અને ઘાટ્ટું હોય છે. 'આ બધું છોડીને ક્યાંક ભાગી જવું છે' એવું સ્ત્રી અનેકવાર કહેતી હોય છે. પુરુષ આવું બોલતો નથી. એ વિના બોલે જવાબદારીઓ નિભાવતો રહે છે.

પુરુષનો સૌથી મહત્ત્વનો રંગ છે સંવાદ અને સંગાથ. સડી ગયેલા સંબંધમાં શ્રદ્ધા રાખીને એ છેલ્લે સુધી સંગાથ જાળવી રાખે છે. સ્ત્રી અબોલા લઈ શકે છે, પણ પુરુષ માટે અબોલા સહેલા નથી હોતા. એનો ગુસ્સો ઓગળી જાય પછી સંવાદ એના માટે શ્વાસ જેટલો જરૂરી થઈ જતો હોય છે.

'જેન્ટલમેન કિસે કહેતે હૈ'... આયુષમાન ખુરાનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થયો છે. દુનિયાભરમાં સેંકડો સ્ત્રીઓએ મી-ટૂ કહ્યું. સંબંધમાંથી ફાયદો લઈ લીધા બાદ પોતાનો ઉપયોગ થયો છે એવું ગાઈ-વગાડીને ચીસો પાડનારી સ્ત્રીઓ સામે એક પણ પુરુષે પોતે જાણ્યે-અજાણ્યે સીડી બન્યાની

ફરિયાદ ન કરી, કારણ કે પોતે લીધેલા નિર્ણયોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવાની ત્રેવડ મોટા ભાગના પુરુષોમાં હોય છે. પોતે કરેલાં સમાધાનોને ગાઈ-વગાડીને કહેવાનું એમને માફક આવતું નથી.


પુરુષ ખુલ્લે આમ રડી શકતો નથી. 'શયનેષુ રંભા, ભોજનેષુ માતા' જેવો કોઈ શ્લોક એના માટે બન્યો નથી એટલું જ, બાકી એ પણ એના હિસ્સાનો રોલ નિભાવતા હાંફી જતો હોય છે, તમારી જેમ જ. એણે ઘરમાં વાસણ માંજવાનાં હોતા નથી. રસોઈ બનાવવાની હોતી નથી. એણે ઓફિસે જવાનું હોય છે. ઢગલાબંધ વાવાઝોડાં સામે અડીખમ ઊભા રહેવાનું હોય છે. ઓફિસમાં રમાતા રાજકારણની સુનામીઓ વચ્ચેથી ભીના થયા વિના પસાર થવાનું હોય છે. એને પિરિયડ્સ આવતા નથી. કમર કે પગના દુખાવાની ફરિયાદ એ વારેવારે કરતો નથી. સિગારેટના એકાદા કશ સાથે કે વ્હિસ્કીના પેગ સાથે એ થોડી ગાળો બોલી લે છે બસ. દોસ્તો સાથેની એની વાતમાં કેન્દ્રસ્થાને પત્ની, સાસુ, સસરા કે સાળો હોતા નથી.

એની પણ પોતાની ઈચ્છાઓ હોય છે. એની આંખો પણ સપનાંઓ જુએ છે. આ બધું હું શું કામ વેંઢારું એવો સવાલ એને પણ થતો હોય છે,પણ એ ચૂપ રહે છે. સપનાંઓ શૉપિંગ મૉલમાં વેચાતાં મળતાં નથી કે ઈચ્છાઓની કોઈ દુકાનો હોતી નથી, એવું એ જાણતો હોવા છતાં ગજવામાં તમારાં સપનાંઓ અને ઈચ્છાઓનું લાંબું લિસ્ટ લઈને આખો દિવસ ફરતો રહે છે.

ઈશ્વરે એનું સર્જન કર્યું ત્યારે દુનિયાભરની હિંમત એની અંદર ઠાંસી-ઠાંસીને ભરી દીધી છે એવું નથી. અંધારાનો ડર એને પણ લાગતો જ હોય છે અને તોય તમારો હાથ પકડીને એ હિંમતથી કહી શકે છે કે ડરતી નહીં. સંજોગોથી એ પણ ડરી જતો હોય છે. મુશ્કેલીઓ સામે એને પણ ફફડાટ થતો હોય છે અને તોય નિર્ણયો લેવાની જવાબદારીમાંથી મુક્ત થયા વિના તંગ દોરડા પર સતત ચાલતો રહે છે. એ ગજબ છે.

પોતાની છાતીમાં મેઘધનુષ લઈને ફરતા પુરુષને સમજવાનું તો અઘરું જ છે, પણ એના રંગોનો સ્વીકાર પણ મુશ્કેલ છે. મેઘધનુષ દેખાય એના માટે માપસરનો વરસાદ જોઈએ. સ્ત્રીઓએ આ એક જ વાતને સમજવાની જરૂર છે.,

પુરુષ માટે લખાયેલો ઉતમોતમ લેખ.




# એક યાદગાર પ્રવાસ – સ્ટેચ્યુ ઓફ યુનિટી

સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતીય સ્વતંત્રતા ચળવળના નેતા વલ્લભભાઈ પટેલને સમર્પિત ગુજરાત, ભારતમાં આવેલું એક સ્મારક છે. તે સરદાર સરોવર બંધની સામે ૩.૨ km (૨.૦ mi) દૂર નદીમાં આવેલા સાધુ બેટ પર ભરૂચ નજીક આવેલું છે. આ સ્મારકનો વિસ્તાર ૨૦,૦૦૦ ચોરસ મીટર છે અને તે ૧૨ ચોરસ કિ.મી. વિસ્તારના કૃત્રિમ તળાવ વડે ઘેરાયેલું છે. ૧૮૨ મીટરની ઊંચાઈ, જેમાં ૧૫૭ મીટર પ્રતિમાની અને પૅડસ્ટલની ૨૫ મીટર ઊંચાઈ સામેલ છે, સાથે આ સ્મારક વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.

અહીં માત્ર ફરવા લાયક સ્થળમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એક જ નથી. તેની સાથે બીજા અનેક નવા પ્રોજેક્ટ પણ નિર્માણ પામ્યા છે. જે પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. એમાં કેટલાક થીમ આધારિત ઉદ્યાનો જેવા કે આરોગ્ય વન, બટર ફ્લાય ગાર્ડન, કેકટસ ગાર્ડન, એકતા નર્સરી, વિશ્વ વન, વેલી ઓફ ફ્લાવર્સ, યુનિટી ગ્લો ગાર્ડનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જંગલ સફારી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનો નાઈટ સો પણ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૧૩૫ મિટરની ઊંચાઈ પર એક સુંદર મજાની વ્યુઈંગ ગેલેરી આવેલી છે. આ ગેલેરી કંઈ નાની નથી. તેમાં જવા માટે લીફ્ટની વ્યવસ્થા કરેલી છે. આ ગેલેરીમાં એક સાથે ૨૦૦ જેટલા લોકો નયનરમ્ય વિંધ્યાચળ અને સાતપુડાની ગિરિમાળાનો, સરદાર સરોવર ડેમ તથા ગરુડેશ્વર આડબંધનો સુંદર નજારો જોઈ શકે છે. સ્ટેચ્યુની અંદર ઓડિયો વિઝયુઅલ સિસ્ટમ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યને રસપ્રદ રીતે રજૂ કરાયું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેસર ટેક્નોલોજી બે દિવસનો સમય ફાળવી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રવાસ ગોઠવવામાં આવે તો એક ખૂબ યાદગાર પ્રવાસનું આયોજન થઈ શકે તેમ છે. પરંતુ જો એક જ દિવસમાં પાછા આવવાનું વિચારતા હોય તો પછી થાકી પાકીને લેઝ શો તેમ જ અન્ય કેટલીક મહત્ત્વના પોઈન્ટ જોયા વિના ધક્કો ખાવા જેવું થશે. આશા રાખું છું કે આ બધી વિગતો જાણીને તમે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસનું આયોજન મનોમન નક્કી કરી જ દીધું હશે.

દાદર થી એકતા નગર સુપર ફાસ્ટ એક્સપ્રેસ રોજ રાત્રીના ૨૩.૫૦ ના સમયે દાદર થી ઉપડી બીજા દિવસે સવારે ૭.૩૫ કલાકે એકતા નગર પહોંચી છે. આમ ૪૬૯ કિલો મિટરનું અંતર ફકત ૭ કલાક ૩૫ મિનિટ માં કાપે છે અને એજ ટ્રેન રાત્રીના ૯.૨૫ કલાકે એકતા નગરથી ઉપડી સવારે દાદર ૫ વાગે પહોંચી છે અને ટ્રેનનું ભાડું પણ જનરલમાં ૧૫૫, સ્લીપરમાં ૩૦૮, એસી ૩ ટાયર માં ૮૦૦ રૂપિયા છે.

– મધુસુદન દેસાઈ

## મેં સરવાળા કર્યા સહુના...
## અને ખુદ ને ગણ્યો નહીં ;

મેં સરવાળા કર્યા સહુના...
અને ખુદ ને ગણ્યો નહીં ;
અને જગત આખું એમ સમજે કે...,
હું બરાબર ભણ્યો નહીં !

લોકો ખોટું કરતી વખતે
ડાબે – જમણે
આગળ – પાછળ
જોઈ લેતા હોય છે ...
બસ....
ઉપર જોવાનું ભુલી જાય છે.

આભને આધાર નથી છતાંય એ ઊંચું છે..
કારણ કે,
એ જેટલું ઊંચું છે તેટલું જ ચારેય તરફ ઝુકેલું છે.

સુખની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે,
અમુક કિનારે પહોંચવા વલખા મારે છે,
જયારે અમુક કિનારે પહોંચીને...

કિલોના ભાવમાં વેચાઈ ગઈ એ નોટબુકો,
જેના પર ક્યારેક વેરીગુડ જોઈને હરખ નોતો સમાતો.!

ત્રીજા ફટકે શ્રીફળ તૂટે એનો એ અર્થ નથી કે પહેલા બે ફટકા નિષ્ફળ ગયા.

આવું જ કંઈક આપણાં careerમાં છે...

સમય દરેક સમય ને બદલી નાખે છે...
ફક્ત સમય ને સમય આપો..

ભારોભાર લાગણીઓ મા ભીંજવેલા શબ્દો ને હુ પીરસુ છુ.
કયારેક એકલતા પી લઉં છુ તો કયારેક કુવા માટે તરસુ છુ.

જુવોને આ સ્વીચબોર્ડ... ઘરના એક ખૂણામાં એકલતા અનુભવતું હતું...
હવે નિરંતર ચાર્જરોની હૂંફ મળવાથી
સંબંધોનાં કનેકશનથી કેવું જોડાયેલું રહે છે..

જો આપણે આપણી જિંદગીની વિષમ પરિસ્થિતિને ફેરવી દે એવા કોઈ ફરિશ્તાની રાહ માં હોઈએ...
તો તે....
ફરીસ્તો...
અરીસામાં મળશે....

ભગવાન તુ પણ કમાલ છે યાર
આંખો black & white આપી છે
અને સપના રંગીન જોવડાવે છે....

લોકો તમારી સાથે નહીં,
પણ તમારી 'સ્થિતિ' સાથે હાથ મિલાવે છે. . .

દિલ એ સૌથી મોટી કબ્ર છે,
સાંજ પડતા કેટલાયે અહેસાસ દફન કરવા પડે છે...!!

સંકલન : મધુસુદન દેસાઈ

**સુધારો** : જાન્યુઆરી – ૨૦૨૩, એજ્યુકેશન ફંડ, શ્રીમતી બીનીતા એ. દેસાઇ, જમાલપોર વાંચવું. બીનીતા આર. દેસાઈની જગ્યાએ

# સાભાર – સ્વીકાર

**અસહાય મહિલા સહાય ફંડ**

- ભાવીનભાઈ કનુભાઈ વાશી, મલાડ (વે) — ૫,૦૦૦/–

  સ્વ. આજીબા ઉર્મીલાબેન નીછાભાઈ દેસાઈ–પંડોરના સ્મરણાર્થે
- આશાબેન વિનોદરાઈ દેસાઈ, વલસાડ,પારડી — ૧૨,૫૦૦/–

  માસીબા સ્વ. મણીબેન મગનભાઈ મોરારજી દેસાઈના સ્મરણાર્થે

**લેન્ડ એન્ડ બીલ્ડીંગ ફંડ**

- તેજલ એ. મહેતા – બોરીવલી (ઈ) — ૧૦,૦૦૦/–
- નવીનચંદ્ર બી. નાયક – વલસાડ — ૨૧,૦૦૦/–
- શૈલી દેસાઈ — ૮૦,૧૫૧/–

**એજ્યુકેશન ફંડ**

- ઈન્દુબેન ધેલાભાઈ દેસાઈ – વલસાડ,પારડી — ૧૦,૦૦૦/–
- ડો.યોગેશકુમાર મનુભાઈ દેસાઈ – કેનેડા — ૬,૯૧,૧૧૫/–

  (કેનેડીયન ડોલર – ૧૧,૩૪૮.૩૫)

  એમના ભાઈ સ્વ. ધર્મેન્દ્રભાઈ એમ. દેસાઈના સ્મરણાર્થે
- આશાબેન વિનોદરાય દેસાઈ – વલસાડ,પારડી — ૧૨,૫૦૦/–

  સ્વ.મણીબેન મગનભાઈ મોરારજી દેસાઈ–માસીબાના સ્મરણાર્થે

**મેડીકલ કેમ્પ**

- શુભેચ્છક — ૩૪,૬૦૦/–
- રક્ષા ડી. દેસાઈ – મલાડ (વેં) — ૨,૦૦૦/–
- દીપીકા કે. દેસાઈ – માહીમ — ૩,૪૦૦/–

**જાહેરખબર ફંડ**

- દેવાંગભાઈ સૂર્યાકાંત દેસાઈ, માર્ચ–એપ્રીલ–૨૩ — ૪,૦૦૦/–

**જનરલ ફંડ**

- રાજ ગીરીશભાઈ નાયક – ગણદેવી,નવસારી — ૨,૦૦૦/–

**ફ્રેબુઆરી ૨૦૨૩ના લાભાર્થીઓ**

- કુલ તબીબી સહાય આપી ફ્રેબુઆરી ૨૦૨૩ — ૨૩,૪૧૦/–
- કુલ એજ્યુકેશન સહાય આપી ફ્રેબુઆરી ૨૦૨૩ — ૧૧,૦૦૦/–
- કુલ રકમ — ૩૪,૪૧૦/–

**આજીવન સભ્યો**

- ભાવીક અજય દેસાઈ – કબીલપોર,નવસારી — ૧,૦૦૦/–

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

# ટ્રસ્ટ માહિતી

**સંસ્થાનું નામ** : શ્રી અનાવિલ સમાજ, મુંબઈ
**રજીસ્ટર ઓફીસ અને પત્રવ્યવહાર સરનામું** : ૨૧૫, મગન મહલ, ૧ લે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૬૯. ઈંડિયા
**ફોન** : +૯૧–૨૨–૩૫૪૧ ૮૬૮૧, મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
**ઈમેઈલ** : jaianavilpub@yahoo.com • **વેબસાઈટ** : www.anavilsamaj.org
**ટ્રસ્ટ રજીસ્ટ્રેશન** : અન્ડર ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦
**રજીસ્ટ્રેશન નં.** : એ–૬૩૨ (મુંબઈ) તા. ૯ નવેમ્બર ૧૯૫૨

**આવકવેરા રજીસ્ટ્રેશન અને એક્ઝેમ્પશન :**
અ) રજીસ્ટ્રેશન અન્ડર સેક્શન ૧૨એ (અ) ઓફ ધી આઈ.
ટેક્સ એક્ટ, ૧૯૬૧: ટીઆર/૩૬૬૦૨ તા. ૪ એપ્રિલ ૨૦૦૨
બ) શ્રી અનાવિલ સમાજ, મુંબઈને દાન આવકવેરા અધિનિયમ
૧૯૬૧ ની ૮૦ જી (૫) હેઠળ મુક્તિ છે.
ઓર્ડર નં. ડીઆઈટી(ઈ)/એમસી/૮૦જી/૨૦૫૯/૨૦૦૯–૧૦

**આવકવેરા વિભાગ દ્વારા રજુ કરાયેલ પેન : એએએટીએસ૧૮૯૯કે**

**ફોરેન ના દાતાઓ માટે બેંક એકાઉંટસની વીગત**

**ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)**
**૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧. PURPOSE CODE : P1303**
**એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪, આઈએફએસસી કોડ : SBIN0000691 SWIFT : SBININBB104**

**બેંક અકાઉન્ટ :**
**બેંક ઓફ ઈંડિયા,** એસ.એસ.આઈ. અંધેરી, મથુરીયા અપાર્ટમેન્ટ, ૪૯, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.
**બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪,**
**આઈ.એફ.એસ.સી. : બીકેઆઈડી૦૦૦૦૦૯૦**

**એચડીએફસી બેંક લીમીટેડ** ઈમ્પેરીયલ મહલ, ગ્રાઉન્ડ ફ્લોર, ખોડાદાદ સર્કલ, દાદર, ટી.ટી. મુંબઈ – ૪૦૦ ૦૧૪.
**બચત ખાતા નં. ૫૦૧૦૦૦૭૮૨૬૧૨૬૭,**
**આઈ.એફ.એસ.સી. : એચડીએફસી૦૦૦૦૮૪**

We can receive payment for samaj through this scanner

**ઓડીટર :**
મે. સંજય એમ. દેસાઈ એન્ડ કાં. ૨૫, ગંગા નિવાસ, આઝાદ સ્ટ્રીટ, ઓફ એસ.વી. રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦ ૦૫૮.

**ડોનેશન :**
ડોનેશન આપવા માટે ચેક ઉપર **શ્રી અનાવિલ સમાજ, મુંબઈ** નામ લખવું.

# તા. ૦૮.૦૩.૨૦૨૩ થી તા. ૦૬.૦૪.૨૦૨૩ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૭૯ — *શુભ દિવસ

શુભ — ફાગણ વદ — લાભ

માર્ચ ૨૦૨૩

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૫૫ શ્રી મંગલમ્ સૂ.અ.૧૮.૪૫ |
|---|---|---|---|---|
| *૧ | બુધ | ૮ | ઉ. ફા. | વસંતોત્સવ પ્રા., ડોલોત્સવ (ડોલ) (ચંદ્ર-કન્યા : ૮.૫૪) |
| *૨ | ગુરૂ | ૯ | હસ્ત | તુકારામ બીજ, વ્યતિપાત મહાપાત ૨૩.૨૩ થી ૨૭.૨૫ |
| *૩ | શુક્ર | ૧૦ | ચિત્રા | છત્રપતિ શિવાજી જયંતી (ચંદ્ર-તુલા : ૧૮.૩૭) |
| ૪ | શનિ | ૧૧ | ચિત્રા | સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૨.૦૬ |
| ૫ | રવિ | ૧૨ | સ્વાતિ | રંગ પંચમી, શ્રી જયંતી, શુક્ર મેષમાં ૮.૨૮, મંગળ મિથુનમાં ૨૯.૦૨, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૨૬.૧૯) |
| *૬ | સોમ | ૧૩ | વિશાખા | શ્રી એકનાથ ષષ્ઠી, વિંછુડો |
| ૭ | મંગળ | ૧૪ | અનુરાધા | સૂર્ય મીનમાં ૩૦.૩૫, વિંછુડો |
| ૮ | બુધ | ૧૫ | જયેષ્ઠા | કાલાષ્ટમી, સંક્રાંતિ પુણ્યકાળ સૂ. ઉ. થી ૧૨.૪૮, વિંછુડો સ. ૭.૩૪ (ચંદ્ર-ધન : ૭.૩૪) |
| ૯ | ગુરૂ | ૧૬ | પૂ. ષા. | બુધ મીનમાં ૧૦.૪૮ |
| ૧૦ | શુક્ર | ૧૭ | ઉ. ષા. | – (ચંદ્ર-મકર : ૧૦.૧૯) |
| ૧૧ | શનિ | ૧૮ | શ્રવણ | પાપમોચની એકાદશી (ચારોળી), સૂર્ય ઉત્તરભાદ્રામાં ૧૪.૫૩ |
| ૧૨ | રવિ | ૧૯ | ધનિષ્ઠા | ત્ર્યોદશી ક્ષય તિથિ, પ્રદોષ, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૧૧.૧૮) |
| ૧૪ | સોમ | ૨૦ | શત. | શિવરાત્રિ, પંચક, સૂર્ય મેષમાં ૨૬.૫૬ |
| ૩૦ | મંગળ | ૨૧ | પૂ. ભા. | દર્શ અમાવસ્યા, પંચક, વૈધૃતિ મહાપાત પ્રા. ૨૭.૪૧ (ચંદ્ર-મીન : [illegible]) |
| *૧ | બુધ | ૨૨ | ઉ. ભા. | ચૈત્રી નવરાત્રિ પ્રારંભ, ઘટ સ્થાપન, ગુડી પડવો, ધ્વજારોપણ, અભ્યંગ સ્નાન, પંચક, વૈધૃતિ મહાપાત સ. ૭.૦૨ |
| *૨ | ગુરૂ | ૨૩ | રેવતિ | ચંદ્ર દર્શન, ચેતી ચાંદ, પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૪.૦૯) |
| ૩ | શુક્ર | ૨૪ | અશ્વિની | મત્સય જયંતી, ગણગૌર, ગૌરી તૃતીયા |
| ૪ | શનિ | ૨૫ | ભરણી | વિનાયક ચતુર્થી (ચંદ્ર-વૃષભ : ૧૯.૨૫) |
| *૫ | રવિ | ૨૬ | કૃતિકા | શ્રી પંચમી |
| *૬ | સોમ | ૨૭ | રોહિણી | સ્કંદ ષષ્ઠી, શ્રી ગુંસાઈજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીનો ઉ. (સં.૧૬૧૫), યમુના છઠ્ઠ (ચંદ્ર-મિથુન : ૨૮.૨૬) |
| ૭ | મંગળ | ૨૮ | મૃગ. | – |
| *૮ | બુધ | ૨૯ | આર્દ્રા | દુર્ગાષ્ટમી, ભવાની પ્રાગટ્ય |
| ૯ | ગુરૂ | ૩૦ | પુન. | શ્રી રામ નવમી, શ્રી સ્વામિનારાયણ જયંતી, ચૈત્રી નવરત્રિ સમાપ્ત, ગુરૂપુષ્યામૃતસિદ્ધિ યોગ ૨૨.૫૯ થી સૂ. ઉ. (ચંદ્ર-કર્ક : ૧૬.૧૫) |
| *૧૦ | શુક્ર | ૩૧ | પુષ્ય | ધર્મરાજ દશમી, બુધ મેષમાં ૧૫.૦૦, ગુરૂ પશ્ચિમાસ્ત |
| ૧૧ | શનિ | ૧ | આશ્લેષા | એપ્રિલ : કામદા એકાદશી (લવિંગ), શ્રી વલ્લભાચાર્યજીની વધાઈનો પ્રારંભ (ચંદ્ર-સિંહ : ૨૮.૪૯) |
| ૧૨ | રવિ | ૨ | મઘા | વામન દ્વાદશી, વિષ્ણુ દમનોત્સવ |
| ૧૩ | સોમ | ૩ | મઘા | ત્રયોદશી વૃદ્ધિ તિથિ, સોમ પ્રદોષ, અનંગ ત્રયોદશી |
| ૧૩ | મંગળ | ૪ | પૂ. ફા. | શ્રી મહાવીર જયંતી, નૃસિંહ ડોલોત્સવ, વ્યતિપાત મહાપાત ૧૨.૫૭ થી ૧૭.૦૩ (ચંદ્ર-કન્યા : ૧૬.૦૬) |
| ૧૪ | બુધ | ૫ | ઉ. ફા. | શ્રી હાટકેશ્વર જયંતી, હનુમાન જયંતી ઉપવાસ, વ્રતની પૂનમ |
| *૧૫ | ગુરૂ | ૬ | હસ્ત | ચૈત્રી પૂનમ, હનુમાન જયંતી, બહુચરાજીનો મેળો, વૈશાખ સ્નાન પ્રા., છ. શિવાજી પુણ્ય તિથિ (ચંદ્ર-તુલા : ૨૫.૧૧) |

પુસ્તકો જીવતા દેવતા છે, તેની આરાધનાથી તુરંત સફળતા મળે છે.

# શુભેચ્છક

# હરકયુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

# હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફનર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com

# ડૉ. જાગૃતિ દેસાઈ






હું ડો. જયશ્રી ઠાકોર આંખની નિષ્ણાત,જન્મ થી અનાવીલ જ્ઞાતીની, મુંબઈ શહેરમાં ૪૦ વર્ષથી પ્રેકટીસ કરૂ છું. જ્યારે મને મોતિયાની શરૂઆત થઈ. ત્યારે મારે માટે ઘણો મોટો પ્રશ્ન એ હતો કે ક્યાં કરાવવું. મેં ડો. જાગૃતિ દેસાઈની પસંદગી કરી. તેમની ઓક્યુલસ આઈ હોસ્પીટલ જે વિલેપાર્લા, જુહુ માં છે. ત્યાં હું મારા દર્દીને પણ લઈ જાઉ છું. ડો. જાગૃતિ દેસાઈ મોતિયાની સર્જરીમાં તો નિપુણ છે જ સાથે ચોખ્ખાઈ શિસ્તબદ્ધ અને જીણી બાબતોમાં ચિવટ છે. જે આંખની સર્જરીમાં ઘણી જરૂરી છે. આપણા દેશમાં ચાલશે, ફાવશે એ રીતે આંખની સર્જરીમાં ન ચાલે અને માટે જ મેં એમની પસંદગી કરી. ઓપરેશનમાં દુખાવો જરાપણ થતો નથી થતો. ઇંજેકસન નો ઉપયોગ થતો નથી. ફકત ટીપાથી જ થાય છે. પાટો પણ લગાડવામાં આવતો નથી. માટે જરાપણ ડરવાની જરૂર નથી અને ઓપરેશનના બીજે દિવસથી કામે લાગી ગઈ છું. આ એક અનાવિલ જ્ઞાતિ માટે ગૌરવની વાત છે અને જેથી મારી વિનંતી છે કે તમે બેજીજક ઓક્યુલસ હોસ્પીટલ માં ઓપરેશન કરાવી શકો છો. ઘણીવાર લોકો પૈસા ખર્ચવા માં કંજૂસાઈ કરતા હોય છે પણ મારૂ માનવું છે કે આ શરીર જ આપણો છેલ્લા સારથી છે માટે આપણે આંખની બિમારી માં કજૂસાઈ ન કરવી. પહેલું સુખ તે જાતે નર્યા. **– ડો. જયશ્રી ઠાકોર**

ડો. જાગૃતિબેન દેસાઈ એ અંધેરી વેસ્ટ નિવાસી મધુસુદન દેસાઈની બન્ને આંખનું મોતિયાનું ઓપરેશન ખુબ જ સરળતાથી અને સલામતીપૂર્વક સફળતાથી પાર પાડયું હતું. અદ્યતન સાધનોથી લઈને કોઈ તકલીફ પડી નથી. હુંબીજાને એમની ભલામણ કરી શકું છું. ધન્યવાદ

**– મધુસુદન દેસાઈ, અંધેરી**

# સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

## ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી.

- તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/-। આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/-। લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-


તંત્રી શ્રી મધૂસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યુ.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩